PGVCL

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

150 YEARS OF CELEBRATING THE MAHATMA

નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૨૦/ № 126 તા. 28 OCT 2020

રજી. એ.ડી. દ્વારા

પ્રતિશ્રી,
ઈબ્રાહીમ મામદ કુંભાર,
C/O ઈશાક ઈબ્રાહીમ કુંભાર,
ગામ:જુનાવાસ-નખત્રાણા,
તા- નખત્રાણા-કચ્છ,
મોબાઇલ નંબર:- ૯૯૭૯૨ ૫૩૨૯૧

વિષય:- કેસ નંબર પીજી૦૨/૦૦૨/૨૦૨૦-૨૧
સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૨/૦૦૨/૨૦૨૦-૨૧

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ4ભૂજP

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, નખત્રાણા
(૨) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, નખત્રાણા

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-02-002-2020-21

અરજદાર: શ્રી ઈબ્રાહીમ મામદ કુંભાર
ગામ-નખત્રાણા, તા.- નખત્રાણા, જી.-કચ્છ.

રજૂઆત કરનાર: અરજદારશ્રી પોતે હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી, નખત્રાણા

રજૂઆત કરનાર: ૧) શ્રી એમ.કે.વોરા, કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, નખત્રાણા

## :: કોરમ ::

૧) શ્રી સી.વી. ઠાકર, ચેરપર્સન

૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.

તારીખ : ૨૭/૦૮/૨૦૨૦

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી ઈબ્રાહીમ મામદ કુંભાર – ગામ- નખત્રાણા - નખત્રાણા પેટાવિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ ઘરવપરાશનું વિજજોડાણ ધરાવે છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રી ઘરવપરાશ માટેનું ગ્રાહક નંબર. ૮૬૧૫૩/૦૦૧૫૧/૩થી વીજજોડાણ ધરાવે છે. જે નખત્રાણા પેટાવિભાગીય કચેરી, નખત્રાણા વિભાગીય કચેરી હેઠળ મેળવેલ છે. જેમા તેઓશ્રીને બીલ વધારે આપતા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૩ અરજદારશ્રીની રજુઆત મુજબ તેઓશ્રી વીજબીલના નાણા નિયમિત ભરપાઈ કરેલ છે.

૧.૪ અરજદારશ્રીને માસ જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૨૦ નું વીજ બીલ ૫૯૨૪ યુનિટનું રકમ રૂ.૫૦૬૫૯/- નું આપવામાં આવેલ છે.

૧.૫ અરજદારશ્રીની રજુઆત મુજબ તેઓનું મીટર ફાસ્ટ હોવાથી તેઓએ તા.૨/૧૧/૨૦૧૬ ના રોજ પીજીવીસીએલ કચેરીએ અરજી કરેલ હતી. પરંતુ પીજીવીસીએલ દ્વારા તેઓનું મીટર ૨૦૧૬માં ચેક કરવામાં આવેલ નથી .

૧.૬ આમ, અરજદારશ્રી દ્વારા ઉપરોક્ત બાબતે યોગ્ય ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ સમક્ષ ન્યાય કરવા રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી ઈબ્રાહીમ મામદ કુંભાર – ગામ- નખત્રાણા - નખત્રાણા પેટા વિભાગીય કચેરી પીજીવીસીએલ કચેરીનુ ઘરવપરાશ માટેનું વિજજોડાણ ધરાવે છે.

૨.૧ અરજદારશ્રી ઈબ્રાહીમ મામદ કુંભાર, નખત્રાણા પેટાવિભાગીય, પીજીવીસીએલ કચેરીનું ઘરવપરાશનું ગ્રાહક નં ૮૬૧૫૩/૦૦૧૫૧/૩ નું વિજ કનેક્શન ધરાવે છે.

૨.૨ અરજદારશ્રીને તા.૦૭/૦૧/૨૦૨૦ ના રોજ ૫૯૨૪ પેન્ડીંગ યુનિટનું રૂ.૪૬૭૮૭/- નું વીજબીલ આપવામાં આવેલ. તેથી અરજદાર શ્રી દ્વારા સદર બીલ સબબ વાંધો રજુ કરવામાં આવેલ છે.

૨.૩ અરજદારશ્રી ઈબ્રાહીમ મામદ કુંભાર નખત્રાણા પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેરને રૂબરૂ મળી સદર બીલ બાબતે મીટર ફાસ્ટ હોવાની રજૂઆત કરેલ છે.

૨.૪ અરજદારશ્રીની રજૂઆત અન્વયે તા.૨૧.૦૧.૨૦૨૦ ના રોજ મીટર બદલવામાં આવેલ છે.અને તે મીટર તેઓ શ્રીની હાજરી માંજ નખત્રાણા વિભાગીય કચેરીની લેબોરેટરી ચકાસણી કરવામાં આવેલ, જેમાં સદર મીટર નોર્મલ હોવાનું માલુમ પડેલ અને સંપૂર્ણ એમ.આર.આઈ.નું અભ્યાસ કરતા વીજ મીટર રીડર દ્વારા જાણી જોઈને ઓછા રીડીંગ લીધેલ હતા.

૨.૫ અરજદારશ્રીની ને આ બાબત અસંતોષ થતા તેઓ એ તા.૦૩/૦૩/૨૦૨૦ ના રોજ નખત્રાણા વિભાગીય કચેરીના હિસાબી અધિક્ષકશ્રી ને રજૂઆત કરેલ, જે અન્વયે હિસાબી અધિક્ષકશ્રી તથા જુનિયર ઈજનેરશ્રી (લેબ) એમ.આર.આઈ.નું અભ્યાસ કરી તેમજ કાર્યપાલક શ્રી ની સુચના મુજબ સદર બીલના યુનિટના ૨૬ ભાગ પાડી ૫૫૦ ની એવરેજ ના બીલ જે તે વખતના ભાવ ની ગણત્રરી કરીને બીલ આપવાની સુચના નખત્રાણા પેટાવીભાગીય કચેરીના નાયબ ઇજનેરશ્રી ને આપેલ છે.

૨.૬ નખત્રાણા પેટાવીભાગીય કચેરીના નાયબ ઇજનેરશ્રી દ્વારા ઉપરોક્ત સુચના મુજબ સદર બીલ ની ગણત્રરી કરીને રકમ રૂ.૯૯૩૮.૪૦ ગ્રાહકશ્રી ના વીજગ્રાહક ખાતા નં ૮૬૧૫૩/૦૦૧૫૧/૩માં જમા આપેલ છે અને તફાવતની બાકીની ની લેણી રકમ રૂ.૪૧૧૧૪.૪૫ છે. જે બરાબર છે અને આ વીજબીલ અરજદારશ્રીને ભરવાપાત્ર છે.

૨.૭ આમ, અરજદારશ્રી ને તેમના વીજમીટર માં નોધાયેલ વીજવપરાશ અને MRI મુજબ ના યુનિટની એવરેજ તેમના વપરાશ પ્રમાણે છે જે સુસંગત ગણતરી કર્યા બાદ તેઓના ખાતામાં રકમ રૂ.૯૯૩૮.૪૦ જમા કરી અને લેણી રકમ રૂ.૪૧૧૧૪.૪૫ અરજદારશ્રીને ભરવાપાત્ર રકમ છે.

૨.૮ અરજદારશ્રીને નખત્રાણા પેટા વિભાગીય કચેરી તરફથી આપેલ વીજબીલ ભરવાપાત્ર થાય છે.

## :: હુકમ ::

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનારની લેખિત તેમજ સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.૧ અરજદારશ્રી ઈબ્રાહીમ મામદ કુંભાર – ગામ- નખત્રાણા - નખત્રાણા પેટા વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ ઘરવપરાશનું ગ્રા.નં.૮૬૧૫૩/૦૦૧૫૧/૩ થી વિજ કનેક્શન ધરાવે છે.

3.૨ અરજદારશ્રીની રજુઆત પ્રમાણે તેઓશ્રી વીજબીલ નિયમિત ભરપાઈ કરતાં હતા છતાં તેઓશ્રીને તા.૦૭/૦૧/૨૦૨૦ ના રોજ ૫૯૨૪ પેન્ડીગ યુનિટનું રૂ.૪૬૭૮૭/- નું વીજબીલ આપવામાં આવેલ.

3.3 અરજદારશ્રી આ અંગે નખત્રાણા પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેરને રૂબરૂ મળી સદર બીલ બાબતે મીટર ફાસ્ટ હોવાની રજૂઆત કરેલ છે.

3.૪ અરજદારશ્રીની રજૂઆત અન્વયે તા.૨૧.૦૧.૨૦૨૦ ના રોજ મીટર બદલવામાં આવેલ છે. અને તે મીટર તેઓશ્રીની હાજરીમાં જ નખત્રાણા વિભાગીય કચેરીની લેબોરેટરી ચકાસણી કરવામાં આવેલ. જેમાં સદર મીટર નોર્મલ હોવાનું માલુમ પડેલ અને સંપૂર્ણ એમ.આર.આઈ.નું અભ્યાસ કરતા વીજ મીટર રીડર દ્વારા જાણી જોઈને ઓછા રીડીંગ લીધેલ હતા.

૩.૫ અરજદારશ્રી ને અસંતોષ થતા તેઓ એ તા.૦૩/૦૩/૨૦૨૦ ના રોજ નખત્રાણા વિભાગીય કચેરીના હિસાબી અધિક્ષકશ્રી ને રજૂઆત કરેલ, જે અન્વયે હિસાબી અધિક્ષકશ્રી તથા જુનિયર ઈજનેરશ્રી (લેબ) એમ.આર.આઈ.નું અભ્યાસ કરી તેમજ કાર્યપાલક શ્રી દ્વારા સદર બીલના યુનિટના ૨૬ ભાગ પાડી ૫૫૦ ની એવરેજ ના બીલ જે તે વખતના વિજદર મુજબ ગણતરી કરીને બીલ આપવાની સુચના નખત્રાણા પેટાવીભાગીય કચેરીના નાયબ ઇજનેરશ્રી ને આપેલ હતી.

૩.૬ નખત્રાણા પેટાવીભાગીય કચેરીના નાયબ ઇજનેરશ્રી દ્વારા ઉપરોક્ત સુચના મુજબ સદર બીલ ની ગણત્રરી કરીને રકમ રૂ.૯૯૩૮.૪૦ ગ્રાહકશ્રી ના વીજગ્રાહક ખાતા નં ૮૬૧૫૩/૦૦૧૫૧/૩માં જમા આપેલ છે અને તફાવતની બાકીની ની લેણી રકમ રૂ.૪૧૧૧૪.૪૫ જે કાયદેસર ભરવાપાત્ર રકમ છે

૩.૭ આમ, અરજદારશ્રીની રજૂઆત અન્વયે તેમના વીજમીટર માં નોધાયેલ વીજવપરાશ અને MRI મુજબ ના યુનિટની એવરેજ જે પણ વપરાશ છે તે સુસંગત ગણતરી કર્યા બાદ તેઓના ખાતામાં રકમ રૂ.૯૯૩૮.૪૦ જમા કરી અને લેણી રકમ રૂ.૪૧૧૧૪.૪૫ જે કાયદેસર ની ભરવાપાત્ર રકમ છે.

૩.૮ અરજદાર પાસેથી આ હુકમની તારીખ સુધી ડીલે પેમેન્ટ ચાર્જ વસુલવો નહી.

૩.૯ આમ, અરજદારશ્રી ની અરજી ફેંસલ કરવામાં આવે છે તથા અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

એન. એચ. જોષી
સ્વતંત્ર મેમ્બર

સી.વી. ઠકર
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનાસંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામુંઃ વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

PG-02-002-2020-21